# શ્રી ડી.પી.પુંજાણી, પ્રમુખ અધિકારી, મજુર અદાલત નં–૧ ભરૂચ સમક્ષ

**રેફરન્સ (ડીમાન્ડ) નં–૧૫/૨૦૨૩**

## –:– આંક–૨૨ ની અરજી નીચે હુકમ –:–

(૧) આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર તરીકે ફરજ બજાવતા હોઈ અને તેઓ રાષ્ટ્રીય મઝદુર સંઘના સભ્ય હોય સંઘ મારફતે મદદનીશ શ્રમ આયુક્તની કચેરીમાં ચાર્ટર્ડ ઓફ ડીમાન્ડમાં દરમિયાનગીરી કરવા માટેની અરજી આપેલી. જેના પેરા–૨ માં જણાવ્યા મુજબ કુલ ૨૬ કામદારો યુનિયનના સભ્યો છે. જે કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ હાજર રહી પોતાનો જવાબ રજુ કરતાં ત્યાં સમાધાનની કાર્યવાહી શક્ય ન બનતાં અત્રેની અદાલતને રેફરન્સ સુપરત કરવામાં આવેલ. જે કામે પક્ષકારોને નોટીસ કરતાં બીજા પક્ષકાર દ્વારા આંક–૩ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ. જેનો પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા આંક–૭ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ બીજા પક્ષકારનો પુરાવો નોંધવામાં આવેલ અને તેઓએ પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થાના અધિકારીનો મૌખિક પુરાવો નોંધવામાં આવેલ અને સદર કામ પ્રથમ પક્ષકાર સંસ્થાના વધુ પુરાવા માટે રાખવામાં આવેલ.

(૨) આ દરમિયાન બીજા પક્ષકાર દ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાએ માંગણી પરત્વે સમાધાન કરેલ નથી. યુનિયનની માંગણીને અસર કરવા સંસ્થાએ અયોગ્ય મજુર પ્રથા આચરી આઈ.ડી. એક્ટની કલમ–૩૩ નો ભંગ કરી નોકરીની શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કોઈની પરવાનગી કે પરમીશન મેળવ્યા સિવાય તા.૨૬–૧૨–૨૫ ની નોટીસ કે જે દહેજ પ્લાન્ટ બંધ કરવા અને કાનૂની લેણાં અને ચુકવણીનો પત્ર તા.૨૭–૧૨–૨૫ ના રોજ પોસ્ટ કરવામાં આવેલ જે તા.૨૯–૧૨–૨૫ ના રોજ મળતાં જાણ થયેલ છે. પત્રમાં જણાવ્યા મુજબના કોઈ લેણાંની ચુકવણી કરવામાં આવેલ નથી

અને આઈ.ડી. એક્ટની આજ્ઞાત્મક જોગવાઈનો ભંગ કરેલ છે. યુનિયનના સભ્ય દ્વારા પાનોલી ખાતે માનવ સંશાધન વિભાગનો સંપર્ક કરવા જતાં અંદર જવા દીધેલ નથી. કામદારના પગાર વધારાની ડીમાન્ડને નિરર્થક બનાવવા સંસ્થા બંધ કરી કામદારને છુટા કરેલ છે જે અંગે કોઈ પરવાનગી લીધેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા દહેજ પ્લાન્ટમાં આવેલ માલ–મિલકત, મશીનરી ખસેડે–ખસેડાવે નહીં કે કંપનીની બહાર લઈ જઈ વેચે–વેચાવે નહીં તેવો મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા તા.૨૬–૧૨–૨૫ ના રોજ સાંજે છ વાગ્યા બાદ ગેટપાસ ચલણ નં–૬૦૧ અને ૬૦૨ થી ટ્રક નં–જીજે–૧૬–ડબ્લ્યુ–૮૮૧૭ અને જીજે–૧૬–ઝેડ–૦૦૩૩ દાખલ કરી એક્ષપર્ટ પેલેટ કંપનીમાંથી બહાર લઈ ગયેલ અને તા.૩૦–૧૨–૨૫ ના રોજ પણ પ્રથમ પક્ષકાર સંસ્થામાં પાનોલી ખાતે શેફ્ટી ડીપાર્ટમેન્ટના નિકુંજભાઈ મટીરીયલ ભરવા આવેલ હતાં. આમ, સંસ્થાની દાનત માલ–મિલકત પાનોલી યુનિટ ખાતે સંસ્થા તથા ત્રાહીત મારફત ખસેડવા પેરવી કરી રહેલ છે. બીજા પક્ષકારની સદર અરજી મંજુર કરવામાં આવે તો પ્રથમ પક્ષકારને કોઈ નુકશાન જાય તેમ નથી અને જો તેમ કરવામાં ન આવે તો હાલનો રેફરન્સ ડીમાન્ડ નિરર્થક થઈ જાય કામદારો આર્થિક કઠીનાઈમાં પોતાનું જીવનનિર્વાહ ચલાવી રહેલ છે તેના લીધે માનસીક યાતના અને તણાવ ભોગવવા પડે છે જેનો બદલો પૈસાથી વળી શકે તેમ નથી. સગવડતાની સમતુલા પણ બીજા પક્ષકારની તરફેણમાં છે જેથી હાલની અરજી લાવી એવી દાદ માંગેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા કે તેમના એજન્ટો સંસ્થામાં હાલમાં મોજુદ રહેલ પરીશીષ્ટમાં જણાવેલ માલ–મિલકત, મશીનરીઓ તથા સ્થાવર જંગમ મિલકત અન્ય જગ્યાએ લઈ જાય નહીં, વેચે–વેચાવે નહીં, ખસેડે–ખસેડાવે નહીં તેવો વચગાળાનો મનાઈ હુકમ કરવા તથા નામ. કોર્ટને યોગ્ય અને વ્યાજબી લાગે તે દાદ અપાવવા તથા અરજીનો ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૩) આ કામના બીજા પક્ષકાર દ્વારા વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટેની અરજી રજુ કરતા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી

આંક–૨૩ થી અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે. બીજા પક્ષકારની વચગાળાની અરજીની પેરાવાઈઝ હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, આઈ.ડી. એક્ટના ગુજરાત રૂલ્સ મુજબ બીજા પક્ષકાર કામદારને આવી અરજી કરવાનો કોઈ હક્ક નથી. સદર અરજી સાંભળવાની અદાલતને કોઈ હકુમત નથી. બીજા પક્ષકારની અરજી કાયદેસર ટકી શકે તેમ ન હોવાથી પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, બીજા પક્ષકાર દ્વારા પગાર વધારા અને અન્ય લાભો મેળવવા માટે ઉપસ્થિત ઔદ્યોગિક વિવાદના ન્યાય નિર્ણય માટે સમુચિત સરકાર દ્વારા રેફરન્સ કરવામાં આવેલ છે તેમાં ક્લોઝર અંગે કે સંસ્થાની મશીનરી અંગે કોઈ રેફરન્સ કરવામાં આવેલ નથી. સમુચિત સરકાર દ્વારા જે માંગણીઓ અંગે રેફરન્સ કરવામાં આવ્યો હોય તેના માટે અને તેની આનુષાંગિક બાબતો માટે ન્યાય નિર્ણય કરવાની સત્તા નામ. અદાલતને છે. નામ. અદાલત તેની સત્તાનો વ્યાપ વધારી શકતી નથી. ક્લોઝર અંગે કોઈ રેફરન્સ કરવામાં આવેલ ન હોવાથી બીજા પક્ષકારે અરજીમાં માંગ્યા મુજબની દાદ અંગે ન્યાય નિર્ણય કરવાની નામ. અદાલતને સત્તા નથી. બીજા પક્ષકારે તેમની અરજીમાં પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા કલમ–૩૩ નો ભંગ કરવામાં આવેલ છે તે અંગેની અરજી આપેલ છે. અદાલત સમક્ષ ઉપસ્થિત વિવાદના સંબંધે સંબધિત કામદારોની નોકરીની શરતોમાં વિપરીત ફેરફાર કરવામાં આવે તો આવો ફેરફાર કરતાં પહેલા અદાલતની સંમતિ લેવાની જરૂર પડે છે. પગાર વધારા અંગેની માંગણીનો કેસ નામ. કોર્ટ સમક્ષ ચાલુ હોય તે દરમિયાન પણ નોકરીની શરતો મુજબ કોઈ ફેરફાર કરવામાં આવે તો તે માટે કોર્ટની મંજુરીની જરૂર નથી. જેથી કલમ–૩૩ ના ભંગ અંગે જે રજુઆત કરવામાં આવેલ છે તે કાયદેસર ટકી શકે તેમ નથી. ઔદ્યોગિક વિવાદ સાથે સંકળાયેલ ન હોય તેવી બાબતો અંગે સંબંધિત કામદારોની નોકરીની શરતોમાં ફેરફાર થઈ શકે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ લાગુ પડે છે અને તે મુજબ પ્રથમ પક્ષકાર સંસ્થાનું કામ કાયદાની જોગવાઈ મુજબ બંધ કરી શકે છે અને તેનાથી કલમ–૩૩ ની જોગવાઈઓનો ભંગ થતો નથી. જેથી સંસ્થા બંધ કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું કાયદેસરનું હોવાથી કલમ–૩૩ નો ભંગ થતો નથી. પ્રથમ પક્ષકાર

દ્વારા સંસ્થા બંધ કરવા અંગે તથા સંબંધિત કામદારોને તેમના કાયદેસરના લેણાં મેળવી લેવા માટે જાણ કરેલ હોવા છતાં તેઓએ નાણાં મેળવેલ ન હોવાથી તમામ કામદારોને તા.૦૧–૦૧–૨૬ ના રોજ રજી.એ.ડી. થી તેમના નીકળતાં લેણાંના ચેકની ઝેરોક્ષ મોકલી આપેલ છે આથી તમામ કામદારોને તેમના કાયદેસરના લેણાંની ચુકવણી કરવાની તૈયારી હોવાથી પ્રથમ પક્ષકાર સંસ્થાનું સંસ્થા બંધ કરવા અંગેનુ પગલું ન્યાયી અને કાયદેસરનું હોવાથી આઈ.ડી. એક્ટની કોઈ જોગવાઈઓનો ભંગ થતો ન હોવાથી સંસ્થા બંધ કરવાનો કોઈ વિવાદ નથી. ક્લોઝર અંગે કોઈ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ નથી. સંસ્થા બંધ કરવા અંગે કોઈ રેફરન્સ કરવામાં આવેલ ન હોવાથી તે અંગે કોઈ ઈન્કવાયરી કરવાની કે ન્યાય નિર્ણય કરવાની નામ. કોર્ટને સત્તા નથી. ભારતના સંવિધાન મુજબ કોઈ પણ ધંધો શરૂ કરવો કે બંધ કરવો તે મૂળભૂત અધિકારમાં આવે છે અને આ અંગે સરકાર દ્વારા વ્યાજબી પ્રતિબંધ મુકી શકાય છે. આવી પ્રતિબંધ અંગેની જોગવાઈ જ્યાં ૩૦૦ થી વધુ કામદારો કામ કરતાં હોય ત્યાં લાગુ કરી શકાય છે. પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૩૦૦ કામદારો ફરજ બજાવતા ન હોવાથી તેઓને આ જોગવાઈ લાગુ પડતી નથી. ભારતના બંધારણના આર્ટીકલ ૧૯(૧)(જી) ની જોગવાઈઓ મુજબ તેઓને ધંધો ચાલુ કરવાનો કે બંધ કરવાનો અધિકાર છે અને સરકાર દ્વારા આ અધિકાર ઉપર કોઈ પ્રતિબંધ મુકવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા એ કંપની એક્ટ હેઠળ રજીસ્ટર્ડ થયેલ સંસ્થા છે અને તઓની બીજી સંસ્થા પાનોલી ખાતે કાર્યરત છે તે અંગે કોઈ વિવાદ નથી. બીજા પક્ષકાર કામદારનો પગાર વધારા અંગેનો વિવાદ નામ. કોર્ટ સમક્ષ પેન્ડીંગ છે તે દરમિયાન સંસ્થાનું કામકાજ બંધ કરી સંસ્થાની માલ–મિલકતો વેચવામાં આવે અને ભવિષ્યમાં નામ. કોર્ટ દ્વારા બીજા પક્ષકાર કામદારની તરફેણમાં કોઈ હુકમ કરવામાં આવે તો પ્રથમ પક્ષકાર સંસ્થાએ માલ–મિલકતો વેચી દીધેલ હોવાથી તેમના લાભમાં થયેલ હુકમ નિરર્થક જાય. આથી બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થાની માલ–મિલકતોના વેચાણ સામે મનાઈ હુકમ માંગેલ છે. બીજા પક્ષકારનો પુરાવો પુરો થઈ ગયેલ છે. પગાર વધારા અંગેની માંગણીના ન્યાય નિર્ણય વખતે નામ. કોર્ટે બે હકીકતો ધ્યાને લેવાની રહે છે.

(૧) કંપનીની આર્થિક પરિસ્થિતિ (૨) કંપની જેવી જ તે વિસ્તારમાં આવેલ ફેક્ટરીઓમાં કામદારોને મળતાં લાભો. પ્રથમ પક્ષકાર સંસ્થાની આર્થિક પરિસ્થિતિ અંગે તેઓએ નામ. કોર્ટ સમક્ષ ત્રણ વર્ષના નફા–નુકશાન ખાતાની હકીકતો રજુ કરેલ છે તે પરથી સંસ્થામાં ખૂબ જ મોટું નુકશાન થતું હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. જ્યારે કંપની નુકશાન કરતી હોય ત્યારે કામદારો માત્ર લઘુત્તમ વેતન ધારા મુજબ પગાર મેળવવા હક્કદાર બને છે તે સિવાય કોઈ લાભો મેળવવા હક્કદાર બનતા નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા હાલમાં તમામ કામદારોને લઘુત્તમ વેતન કે તેનાથી વધુ પગારની ચુકવણી કરવામાં આવતી હોવાથી કામદારો કોઈપણ પ્રકારનો પગાર વધારો મેળવવા હક્કદાર બનતા ન હોવાથી કામદારોના લાભમાં હુકમ થવાની કોઈ શક્યતા નથી. બીજા પક્ષકારનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રથમ પક્ષકારના લાભમાં છે. બીજા પક્ષકારને કોઈ ઈરીપેરેબલ લોસ થાય તેમ નથી પરંતુ, માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રથમ પક્ષકાર સંસ્થાને નુકશાન થાય તેમ છે અને બંધ સંસ્થાની મશીનરી અને માલસામાન પડ્યા રહે તો તેનાથી આર્થિક નુકશાન થાય તે ભવિષ્યમાં ભરપાઈ થઈ શકે તેમ ન હોવાથી બીજા પક્ષકારની હાલની અરજી ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) **<u>પક્ષકારો તરફેની દલીલોઃ</u>–**

બીજા પક્ષકાર તરફે તેમના પ્રતિનિધિ/વકીલશ્રી આસીફભાઈ શેખની દલીલ સાંભળી. તેઓએ પોતાની અરજીને દલીલનો ભાગ ગણવા રજુઆત કરી જણાવેલ છે કે, જ્યારે ૧૦૦ થી ઓછા કામદાર હોય ત્યારે મજુર અદાલતને રેફરન્સ કરવામાં આવે છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર છે. બીજા પક્ષકાર દ્વારા સંસ્થા પાસે પોતાની ડીમાન્ડ મુકવામાં આવેલી. ત્યારબાદ આસી. લેબર કમિશ્નરમાં પણ આ અંગે ડીમાન્ડ મૂકેલ જે સંબંધે કોઈ સમાધાન શક્ય ન બનતા હાલનો રેફરન્સ(ડી) અત્રેની અદાલતને સુપરત કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર તરફે આંક–૩ થી ડીમાન્ડ સંબંધે માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર

સંસ્થામાં તા.૦૧–૦૪–૨૨ પહેલાથી કામદારોનો કોઈ પગાર વધારો કરવામાં આવેલ નથી. નિશાની–૨૦/૧ થી પ્રથમ પક્ષકાર દ્વારા દહેજ પ્લાન્ટ બંધ કરવાની નોટીસ આપેલી છે અને તે નોટીસમાં વહીવટી અને સંચાલનના કારણોસર કંપની બંધ કરેલ છે. જેમાં કામદારોનો કોઈ કસુર નથી. પ્રથમ પક્ષકાર દ્વારા કયાં કાયદાની જોગવાઈનું પાલન કરી આવી નોટીસ આપેલ છે? તેવુ જણાવેલ નથી. પ્રથમ પક્ષકાર જો સંસ્થા બંધ કરવા માંગતી હોય તો કામદારોને છુટા કરે તે જ દિવસે સંપૂર્ણ લેણાંની પતાવટ કરવી જોઈએ પરંતુ, પ્રથમ પક્ષકાર સંસ્થાએ આવા કોઈ લેણાંની પતાવટ કરેલ નથી. બીજા પક્ષકાર દ્વારા નિશાની–૨૦/૩ વાળો પત્ર લખવામાં આવેલ. જે સંસ્થાને મળી ગયેલ છે. સંસ્થા દ્વારા નોટીસમાં નોટીસ પગાર રૂ.૪૫૨/– ગણવામાં આવેલ છે પંરતુ, આ નોટીસપગાર કુલ પગાર ઉપર મળવાપાત્ર છે. આઈ.ડી. એક્ટની કલમ–૧૦(૪) મુજબ આનુષાંગિક બાબતોનો નિર્ણય કરવાની સત્તા મજુર અદાલતને રહેલી છે. બીજા પક્ષકારનો પ્રથમ દર્શનીય કેસ છે. જો મશીનરી સ્થળ ઉપરથી ફેરવી નાંખે અને જમીન વેચાણ કરી નાંખે તો કામદારોના લેણાં ડૂબી જવાની સંભાવના છે અને સગવડતાની સમતુલા કામદારોની તરફેણમાં છે તેમજ કંપની બંધ કરી દેવામાં આવે તો કામદારોની કાયમી રોજીરોટી છીનવાઈ જાય અને નાણાંમાં ભરપાઈ ન કરી શકાય તેવુ નુકશાન થાય તેમ છે. આથી અરજીમાં જણાવ્યા મુજબ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે અને પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

(૧) ૨૦૧૩ લો–શુટ ગુજરાત, ૩૭૩ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ દિલ્હી પબ્લીક સ્કુલ, સુરત વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાના ચુકાદામાં કામદાર દ્વારા સ્કુલના કામદાર છે કોન્ટ્રાકટરના નથી. કોન્ટ્રાકટ માત્ર મજુર કાયદા નીચેની જવાબદારીમાંથી છટકવા માટેનો છે. કોન્ટ્રાકટ પહેલા કામદાર સ્કુલ મેનેજમેન્ટના કામદાર હતાં. તે કેસમાં આઈ. એક્ટની કલમ–૧૦(૪) મુજબ પ્રથમ દર્શનીય કેસ ગણી મનાઈ હુકમ આપતો હુકમ ટ્રીબ્યુનલે કરેલો તે યથાવત રાખવામાં આવેલો.

(૨) ૧૯૫૯ એ.આઈ.આઈ. ૧૩૭૨નો નામ. સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયાનો ધી મેનેજમેન્ટ ઓફ હોટલ ઈમ્પેરીયલ વિ. હોટેલ વર્કર્સ યુનિયનના ચુકાદામાં ગેરવર્તણૂંકના કારણે દોષિત ઠરતા કામદારને છુટા કરવાનો નિર્ણય લીધેલો. આઈ.ડી એક્ટની કલમ–૩૩ હેઠળ પરવાનગી પ્રાપ્ત થતાં સુધી પગાર વગર સસ્પેન્ડ કરેલ જેથી વચગાળાની રાહત માટે અરજી કરેલ. જેમાં નામ. ટ્રીબ્યુનલે વચગાળાની રાહત આપેલ તે કેસમાં ઠરાવેલ કે, મુખ્ય તકરારને આનુષાંગિક તકરાર હોય ત્યાં કલમ–૧૦(૪) મુજબ વચગાળાની રાહતનો હુકમ થઈ શકે.

(૩) બરોડા ડીસ્ટ્રીક્ટ કો.ઓ. મીલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન લી., વિ. ગુજરાત રાજ્યના કેસમાં પીટીશ્નરના જણાવ્યા મુજબ કામદાર કોન્ટ્રાક્ટરના હતાં. પીટીશ્નર અને સામાવાળા નં–૨ વચ્ચે કોઈ તકરાર ન હતી. અરજદાર અને સામાવાળા વચ્ચે માલિક–નોકરના સંબંધ ન હતાં. તે કેસમાં શું બીજા પક્ષકાર કામદાર ૨૪૦ દિવસ પૂર્ણ થતાં કાયમી થવા હક્કદાર છે? તેવો રેફરન્સ હતો. તે કેસમાં નામ. ટ્રીબ્યુનલે કામદારને સળંગ નોકરીમાં ચાલુ રાખવાનો હુકમ કરેલ. તે કેસમાં માત્ર હુકમમાં સુધારો કરવામાં આવેલો.

પ્રથમ પક્ષકાર સંસ્થા તરફેના શ્રી બી.કે.સોનેજી તરફથી અરજીનો જે જવાબ રજુ કરવામાં આવેલ છે તેને દલીલનો ભાગ ગણવા જણાવી વધુમાં જણાવેલ છે કે, આઈ.ડી. એક્ટ નીચે હાલની અરજી કરનારને અરજી કરવાની કોઈ સત્તા રહેલી નથી. આઈ.ડી. એક્ટ રૂલ્સ–૪ માં જણાવ્યા મુજબની વ્યક્તિને અરજી કરવાની સત્તા મળે છે. અરજીમાં સહી કરનારને કાર્યવાહક સમિતિએ અધિકૃત કર્યા હોવાનો કોઈ આધાર રજુ કરેલ નથી. અરજી કાયદેસર ટકવાપાત્ર નથી. અરજી સાંભળવાની નામ. અદાલતને સત્તા નથી. જે ટર્મ્સ ઓફ રેફરન્સ સોંપેલ હોય તેટલા પૂરતું અને તેને આનુષાંગિક નિર્ણય કરવાની જ માત્ર મજુર અદાલતને સત્તા છે. બીજા

પક્ષકારે પોતાની ડીમાન્ડમાં મશીનરી સંબંધે કોઈ ડીમાન્ડ કરવામાં આવેલ નથી. જેથી મશીનરી ખસેડવાની બાબતને આનુષાંગિક બાબત ગણી શકાય નહી. પ્રથમ પક્ષકાર સંસ્થા બે યુનિટ ધરાવે છે. જેમાંથી દહેજ યુનિટ બંધ કરેલ છે અને પાનોલી ખાતેનું યુનિટ કાર્યરત છે. બંધ કરેલ યુનિટની મશીનરી ખસેડવામાં ન આવે તો મશીનરી ખરાબ થઈ જાય અને કોઈપણ રીતે ઉપયોગી રહે નહીં તેમજ હાલના કેસમાં બીજા પક્ષકારોની ડીમાન્ડ બાબતે ન્યાયીક નિર્ણય થવાનો બાકી છે. જે સંબંધમાં રેફરન્સ કરવામાં આવેલ છે તે સંબંધે કોઈ ચેઈન્જ કરવામાં આવેલ નથી. જો અરજદારની માંગણી મંજુર કરવામાં આવે તો પણ સંસ્થાનું બીજુ યુનિટ પાનોલી ખાતે કાર્યરત છે અને તે યુનિટમાંથી પણ કામદારો રીકવરી કરી શકે તેમ છે. કામદારોનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. સગવડતાની સમતુલા પણ કામદારોની તરફેણમાં નથી. જો મનાઈ હુકમ આપવામાં આવે તો મશીનરી બિનઉપયોગી થઈ જાય તે રીતે સગવડતાની સમતુલા પ્રથમ પક્ષકારની તરફેણમાં છે. તેવી જ રીતે નાણાંમાં ભરપાઈ ન કરી શકાય તેવું નુકશાન સંસ્થાને થાય તેમ છે આથી અરજી ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે અને પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

(૧) (૧૯૭૭) ૨ સુપ્રિમકોર્ટ કેસીસ ૩૫૦, ભાવનગર મ્યુનિસીપાલીટી વિ. અલીભાઈ કરીમભાઈ અને બીજા.

(૨) ૨૦૧૫ લો–શુટ (એસ.સી.) ૭૯ ઓશીહાર પ્રસાદ અને બીજા વિ. એમ્પલોયર્સ ઈન રીલેશન ટુ મેનેજમેન્ટ ઓફ સુદામદીહ કોલ વોશેરી ઓફ બીસીસીએલ.

ઉપરોક્ત બંને કેસોમાં મજુર અદાલત/ટ્રીબ્યુનલ તેને કરવામાં આવેલ રેફરન્સ અને તેના આનુષાંગિક મુદ્દા નક્કી કરી શકે છે. કરવામાં આવેલ રેફરન્સની શરતથી બહાર જઈ શકે નહીં તેવું ઠરાવેલ છે.

**(૫)** સદર આ કામના આખરી નિર્ણય તથા નિકાલ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવા જરૂરી બને છે.

**-:- <u>મુદ્દા</u> -:-**

(૧) શું બીજા પક્ષકારનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શું સગવડતાની સમતુલા બીજા પક્ષકારની તરફેણમાં છે?

(૩) શું બીજા પક્ષકારને મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાંમાં ભરપાઈ ન કરી શકાય તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

**(૯)** ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**-:- <u>નિર્ણય</u> -:-**

(૧) નકારમાં.
(૨) નકારમાં.
(૩) નકારમાં.
(૪) આખરી હુકમ મુજબ.

**(૧૦)** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**-:- <u>કારણો</u> -:-**

આ કામના બીજા પક્ષકાર દ્વારા રેફરન્સ (ડી) દાખલ કરી કલમ-૨૨(ડી) પ્રથમ પક્ષકાર સમક્ષ મુકવામાં આવેલી છે. સૌપ્રથમ મદદનીશ મજુર કમિશ્નર સમક્ષ આ અરજી મુકતાં ત્યાં સમાધાન શક્ય ન બનતા મદદનીશ મજુર કમિશ્નર દ્વારા અત્રેની અદાલતને રેફરન્સ સુપરત કરવામાં આવેલ છે. જેમાં ૨૨ માંગણીઓ મુકવામાં આવેલ. જે પૈકી માંગણી નં-૨૧ બીજા પક્ષકાર દ્વારા વીડ્રો/પરત કરતાં તે સંબંધે કોઈ રેફરન્સ કરવામાં આવેલ નથી. પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીની રજુઆત સાંભળતા બીજા પક્ષકાર દ્વારા આ કોર્ટને સત્તા હોવા સંબંધે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦(૪) મુજબ આ અદાલતને સત્તા હોવાનું જણાવેલ છે. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦(૪) ધ્યાને લેતાં "આ કલમ હેઠળ કોઈ મજુર

કોર્ટ/ટ્રીબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રીબ્યુનલને કોઈ ઔદ્યોગિક તકરાર મોકલવાના હુકમમાં અથવા પછીના કોઈ હુકમમાં સમુચિત સરકારે ન્યાયનિર્ણય માટે તકરારી મુદ્દા નિર્દિષ્ટ કરેલ હોય ત્યારે યથાપ્રસંગ મજુર કોર્ટે અથવા ટ્રીબ્યુનલે અથવા રાષ્ટ્રીય ટ્રીબ્યુનલે તે મુદ્દા અને તેને આનુષાંગિક બાબતોનો જ ન્યાય નિર્ણય કરવાનો રહેશે." ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૦(૪) ધ્યાને લેતાં સમુચિત સરકાર દ્વારા કરવામાં આવેલ રેફરન્સમાં આનુષાંગિક બાબતોનો ન્યાયનિર્ણય કરવાની આ અદાલતને સત્તા રહેલી છે તે રીતે હાલની અરજી ટકવાપાત્ર છે. પ્રથમ પક્ષકાર દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ઔદ્યોગિક વિવાદ ધારાના રૂલ્સ-૪ મુજબ અરજીમાં કોને સહી કરવાની સત્તા છે? તે સંબંધે ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમાં કલમ-૪(ખ) ધ્યાને લેતાં કામદારોની અરજી સંબંધેની જોગવાઈ કરવામાં આવેલ છે તેમાં સીધી અસર પામેલા કામદારોમાંથી મોટા ભાગના કામદારો ટ્રેડ યુનિયનના સભ્યો હોય ત્યારે તેવા યુનિયનના પ્રમુખે અથવા સેક્રેટરીએ અથવા આ અર્થે યુનિયનની કાર્યવાહક સમિતી અધિકૃત કરે તેવા યુનિયનના અન્ય અધિકારી (૨) અન્ય કિસ્સામાં એ હેતુ માટે ભરવામાં આવેલી મોટા ભાગના કામદારોની સભામાં આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવે તેવી સીધી અસર પામેલા કામદારોમાંથી પાંચ કરતાં વધુ કામદારો ન હોય તેટલા પ્રતિનિધિઓને સત્તા હોવાનું જણાવેલ છે. આ અંગે કામદારો તરફથી મદદનીશ મજુર કમિશ્નર સમક્ષ જે પોતાની માંગણીઓ મુકવામાં આવેલ છે તેની સાથે રાષ્ટ્રીય મઝદુર સંઘના ઉપપ્રમુખશ્રી એમ.આઈ. શેખને નિમવામાં આવેલ છે ત્યારે હાલના તબક્કે રૂલ્સ-૪ મુજબ સહી કરવાની સત્તા ન હોવાની બાબત સ્વીકારી શકાય તેવું નથી. બીજા પક્ષકાર દ્વારા પ્રથમ પક્ષકાર તરફથી તેઓનો કોઈ પગાર બાકી રહેતો હોય તેવી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર દ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાએ નિશાની-૨૦ થી રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં દહેજ પ્લાન્ટ બંધ કરવા સંબંધેની અને કાનુની લેણાં ચુકવી આપવાની નોટીસ આપી યુનિટ બંધ કરેલ છે. કોઈપણ માલિકે ધંધો ચાલુ રાખવો કે બંધ કરવો? તે સંબંધે કોઈ હુકમ કરી શકાય નહીં. પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૩૦૦ થી વધારે કામદારો

હોવાનું બીજા પક્ષકાર દ્વારા જણાવવામાં આવેલ નથી. જ્યારે ૩૦૦ કરતાં વધુ કામદાર હોય ત્યારે પરવાનગી લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જ્યારે હાલના કેસમાં ૩૦૦ થી ઓછા કામદારો હોય કોઈ પરવાનગી લેવાની જરૂરીયાત રહેતી નથી. બીજા પક્ષકાર દ્વારા જે કલોઝર કરવામાં આવેલ છે તે ગેરકાયદેસર છે કે કાયદેસર? તે હાલના કેસમાં નક્કી કરવાનું રહેતું નથી. વધુમાં, બીજા પક્ષકાર દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, જો કંપની તેઓની મશીનરીઓ સ્થળ ઉપરથી ફેરવી નાંખે અને જમીન વેચાણ કરી નાંખે તો કામદારોના બાકી લેણાં વસુલ કરી શકાય નહીં. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાના બે યુનિટ છે. કામદારો આ બંને યુનિટની હકીકત જાણે છે. પોતાના પુરાવામાં પણ આ સંબંધેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. હાલ યુનિયનના કામદારની તરફેણમાં જો કોઈપણ હુકમ થશે તો તેની લેણી નીકળતી રકમ અન્ય યુનિટની મશીનરી તેમજ મિલકતમાંથી વસુલ કરી શકાય તેમ છે. હાલના કામમાં કામદારોનો પુરાવો પુરો થઈ ગયેલ છે તેમજ હાલ કેસ પ્રથમ પક્ષકારના વધુ પુરાવા ઉપર છે અને તેનો આખરી નિર્ણય થયેલ નથી તેમજ સંસ્થા દ્વારા ધંધો બંધ કરવામાં આવેલ હોય અને જો સંસ્થામાં રાખવામાં આવેલ મશીનરી જેમની તેમ રાખવામાં આવે તો આવી મશીનરી ખરાબ થવાની શક્યતા રહેલી છે તેમજ બિનઉપયોગી બની જાય તેવી શક્યતા રહેલી છે. જ્યારે કામદારો તરફથી કોઈ પગારની લેણી રકમ બાકી હોવાનું જણાવતાં ન હોય અને જો કોઈ કામદારની તરફેણમાં હુકમ કરવામાં આવે તો બીજા યુનિટમાંથી તેની વસુલાત થઈ શકે તેમ છે તેમજ મદદનીશ મજુર કમિશ્નર દ્વારા જે રેફરન્સ કરવામાં આવેલ છે તે કામદારો દ્વારા કરવામાં આવેલ માંગણીઓ સંબંધે કરવામાં આવેલ છે તેમાં સંસ્થાની કોઈ મશીનરી કે મિલકત સંબંધે રેફરન્સ કરવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં કામદારોનો કોઈ પ્રથમ દર્શનીય કેસ હોવાનું જણાતું નથી તેમજ સંસ્થાનું બીજુ યુનિટ હાલમાં કાર્યરત હોય જેથી હાલના રેફરન્સ (ડી) ના કામમાં જો કામદારની તરફેણમાં કોઈ હુકમ કરવામાં આવે તો તેની વસુલાત સંસ્થાના બીજા યુનિટ મારફત થઈ શકે તેમ હોઈ જેથી બીજા પક્ષકાર કામદારોની સગવડતાની

સમતુલા કામદારોની તરફેણમાં હોય તેવું જણાતું નથી તેવા સંજોગોમાં હાલની અરજી રદ થવાને પાત્ર હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -:- <u>હુકમ</u> -:-

(૧) બીજા પક્ષકારની હાલની આંક–૨૨ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચની રકમ આખરી હુકમ સમયે નક્કી કરવાની રહેશે.

**તારીખઃ ૦૮/૦૧/૨૦૨૬**
**સ્થળઃ ભરૂચ**

**(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં–૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર